અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વધતા જતા કોરોનાના કેસો સામે રાજયકક્ષાની ટીમની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
હુકમ ક્ર.એન.સી.વી-૧૦૨૦૨૦-SFS-૧-ગ (પા.ફા.-3)
સચિવાલય, ગાંધીનગર.
તા. 4 MAY 2020

**હુકમ:**

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ને WHO એ પેન્ડેમીક જાહેર કરેલ છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલય, આયુષ મંત્રાલય અને રાજય સરકારની ગાઇડલાઇન અનુસાર રાજયમાં આ રોગને અટકાવવા વિવિધ પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે.

મહાનગરપાલિકા વિસ્તારોમાં આ રોગના સંક્રમણને નાથવા માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ ધ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવેલ છે.તેમ છતાં મહાનગરપાલિકા વિસ્તારોમાં વધારે સંક્રમણને કારણે રાજયમાં કોરોનાની સ્થિતિનુ ચિત્ર વધુ ગંભીર જણાય છે. આ સંજોગોમાં રાજયકક્ષાએ આ કામગીરી સાથે સંકળાયેલ સીનીયર અધિકારી તથા સીનીયર તજજ્ઞોની એક ટીમ અમદાવાદ મ્યુનિસિપલ વિસ્તારોમાં અભ્યાસ અર્થે મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

**ટીમના સભ્યો:**

1. **ડૉ. દીનકર રાવલ, અધિક નિયામકશ્રી (અધ્યક્ષ)**
2. **ડૉ. એ.એમ. કાદરી, પ્રો. પી.એસ.એમ.**
3. **ડૉ. પ્રદીપકુમાર, નિવૃત્ત પ્રો. પી.એસ.એમ. (બી.જે.એમ.સી.)**

આ ટીમએ અમદાવાદ મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ (RRT) સાથે અમદાવાદના રેડ ઝોનના હોટસ્પોટ વિસ્તારોમાં મુલાકાત લેવાની રહેશે અને આ ટીમ ત્યાંના અધિકારીગણ તથા ફીલ્ડ સ્ટાફ ની તમામ કામગીરી તથા હોસ્પિટલોની વ્યવસ્થા દર્દીઓને પડતી મુશ્કેલી અને દર્દીની સારવાર વધુ સારી રીતે થાય અને રોગના સંક્રમણને આગળ વધતુ અટકાવવા જરૂરી

પડે સામાજીક આગેવાનો સાથે મુલાકાત કરી અને સમગ્ર પરિસ્થિતિનો અભ્યાસ કરી વિભાગને પોતાનો અભિપ્રાય / સુચનાઓ સહીત અહેવાલ દિન-૩ માં રજુ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(હરેશ પરમાર )
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- તમામ ટીમના સભ્યોશ્રી
- જિલ્લા કલેક્ટરશ્રી અમદાવાદ.
- વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અમદાવાદ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦